Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

17

# ગુજરાતી સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં નાટકો

**હેતલ મણિલાલ પરમાર**

રીસર્ચ સ્કોલર, ગુજરાતી, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સંક્ષિપ્ત**

નાટક એટલે

'દુનિયાના સુખ અને દુઃખ જોવાનું રૂડું દર્પણ'.

'જગતના માનવીઓની વિવિધ અવસ્થા-ભાવોનું અનુકીર્તન'.

'માનવીની ક્રિયાનું અનુકરણ'.

માનવોના પરસ્પર સંબંધો, સંઘર્ષો અને વ્યક્તિગત મનોભાવો, મંચ પર નટ રજૂ કરે છે, તે પાત્ર બને છે. રમણ નામનો નટ છે, જે 'રામ'નું રૂપ ધારણ કરે છે. નાટ્યપ્રયોગમાં પોતાના ઉપર રામના ચરિત્રને આરોપિત કરે છે, કહે પણ છે. 'હું રામ છું.' તેથી જ સંસ્કૃતમાં નાટક વિશાળ અર્થમાં रूपक કહેવાયું છે. નટમાં ચરિત્રનું આરોપણ કરવાથી તે રૂપક એવી વ્યાખ્યા છે. નાટક પ્રત્યક્ષ રીતે રજૂ થાય છે. ઇતિહાસની ઘટના પણ તે સમયે પ્રેક્ષકો સામે જીવંત બને છે. જાણે આ ક્ષણની ઘટના live, એટલે નાટક દર્શકો પર અન્ય સાહિત્ય પ્રકાર કરતા વધુ દ્રઢ છાપ પાડે છે. આધુનિક નાટકોમાં હવે ફિલ્મ કે મલ્ટીમીડિયાનો ઉપયોગ થવા માંડ્યો છે તેથી નાટકની સ્થળની મર્યાદા ઓળંગી શકાય છે પણ તે શુદ્ધ નાટક ન ગણવાનું વિદ્વાનોનું વલણ છે. તેથી નાટકનો અર્થ, તેની વિભાવનાઓ, સ્વરૂપ અને તેના પ્રકારોની તપાસ કરવા પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** ગુજરાતી સાહિત્ય, નાટક, નાટકનો અર્થ, નાટકનો ઈતિહાસ, નાટકના પ્રકારો

## 1. પ્રસ્તાવના

નાટક એ સાહિત્યનો પદાર્થ છે કે રંગભૂમિનો ? નાટક એ રંગમંચની કલા છે. સાહિત્યિક ન હોય તો પણ ચાલે, નાટક મંચનક્ષમ હોવું જ જોઇએ, મંચનક્ષમ ન હોય તે નાટક ન કહેવાય. આ અને આવા અનેક મત આપણે વ્યાખ્યાનોમાં નાટ્યપ્રયોગોમાં નાટક અંગેના પુસ્તકોમાં ચર્ચાઓમાં વાંચીએ છીએ અને સાંભળીએ છીએ સામે છેડે એવા પ્રશ્નો કે દ્વિધા પણ કેટલીક વખત થઇ છે કે નાટકમાં સાહિત્ય તત્વની જરૂર છે. કે મંચનક્ષમતાની ? સાહિત્ય અને રંગભૂમિ બંને હોય તો ન ચાલે ? સાહિત્યિક ન હોય તો ચાલે ? આવા પ્રશ્નો પણ સાહિત્યરસિકોએ ચર્ચાની એરણ ઉપર મૂક્યાં છે. અને નાટક સાહિત્ય અને રંગભૂમિની કલા છે. તેવું સ્પષ્ટ કરવાના પ્રયત્નો થયા છે. નાટક અંગે નાટ્ય લેખકો અને રંગભૂમિ સાથે સંકળાયેલા રંગકર્મીઓ લેખકોએ યથાશક્તિ પરિભાષાઓ બાંધી છે:

- શેક્સપિયર, "સકળ વિશ્વ એ એક રંગભૂમિ જ છે એમ ઘટાવ્યું છે. પ્રતિભાસંપન્ન આર્ષદ્રષ્ટા મુનિવરો જેવી વ્યક્તિઓને આમ સહેજે સત્યદર્શન થઇ જાય છે".
- સિધ્ધાર્થ રાંદેરિયા, "જે ભજવી શકાય તે છે નાટક"
- ચંદ્રકાંત બક્ષી, "લેખક લખે છે ત્યારે પ્લે હોય છે. દિગ્દર્શક સ્પર્શે ત્યારે એ "ડ્રામા" બને છે. અને દર્શકો- શ્રોતાઓ જુએ છે ત્યારે એ "થિયેટર" બને છે."
- મહેશ ચમ્પકલાલ, "નટ અને પ્રેક્ષક વચ્ચે જે કાંઇ બને તે નાટક".
- સિતાંશુયશશ્ચંદ્ર, "નાટક સમાજ જીવનનું પ્રતિબિંબ છે. અને નાટકની જો સૌથી વધુ સમજણ કોઇને હોય તો તે પ્રેક્ષકો છે".
- રાજુલ દિવાન, "કલાકારના હાવભાવ, બોડી લેંગવેજ, આવાજનો આરોહ- અવરોહ-શબ્દોનાં ઉચ્ચારણ, સ્ટેજની ભૂમિકા, લાઇટ, સાઉન્ડ, મ્યુઝિક આ તમામનો સરવાળો એટલે નાટક.".
- માર્કંડ ભટ્ટ, "પ્રેક્ષકોને બે-અઢી કલાક સુધી સુધી જકડી રાખે તે નાટક".
- મનોજ શાહ, "નાટકની વ્યાખ્યા થાય નહિ, નાટક જોવાય તેના સાક્ષી થવાય".
- યસ્દી કરંજિયા, "બધા માધ્યમોમાં નાટક એ એકદમ જીવન્ત માધ્યમ છે જેને પ્રેક્ષકો જીવંન્ત અવસ્થામાં માણે છે".

- સંશોધક હેતલ પરમાર, "નાટક ટ્રેજેડીથી લઈને કોમેડી સુધી, ઐતિહાસિકથી લઈને સમકાલીન સુધી અને ગંભીરથી લઈને હળવા હૃદય સુધીની શૈલીઓ અને થીમ્સની વિશાળ શ્રેણીને સમાવી શકે છે. તે કલાત્મક અભિવ્યક્તિનું બહુમુખી સ્વરૂપ છે જે માનવ જીવન અને તેની જટિલતાઓના પ્રતિબિંબ તરીકે સેવા આપે છે."

## 2. નાટકના તત્વો

નાટક એ સાહિત્ય, પર્ફોર્મિંગ આર્ટ્સ અને મનોરંજનની એક શૈલી છે જેમાં સામાન્ય રીતે સંવાદ, ક્રિયા અને તણાવના ઉપયોગ દ્વારા કાલ્પનિક અથવા વાસ્તવિક જીવનની ઘટનાઓ અને પાત્રોનું ચિત્રણ સામેલ હોય છે. તે નીચેના તત્વો દ્વારા વર્ગીકૃત છે:

- **સંઘર્ષ:** નાટક ઘણીવાર સંઘર્ષો અને સંઘર્ષોની આસપાસ ફરે છે, પછી ભલે તે આંતરિક (પાત્રના મગજમાં) હોય કે બાહ્ય (પાત્રો અથવા જૂથો વચ્ચે) હોય. આ સંઘર્ષો તણાવ પેદા કરે છે અને કથાને આગળ ધપાવે છે.
- **સંવાદ:** બોલાતી ભાષા દ્વારા પાત્રો વચ્ચેનો સંચાર એ નાટકનું કેન્દ્રિય ઘટક છે. સંવાદોનો ઉપયોગ પાત્રોના વિચારો, લાગણીઓ અને પ્રેરણાઓ તેમજ કાવતરાને આગળ વધારવા માટે કરવામાં આવે છે.
- **પ્લોટ:** નાટક એક સંરચિત કથા ધરાવે છે જે સમય જતાં પ્રગટ થાય છે. તેમાં સામાન્ય રીતે શરૂઆત, મધ્ય અને અંતનો સમાવેશ થાય છે, જેમાં વાર્તા અને પાત્રોનો વિકાસ થાય તેવી ઘટનાઓની શ્રેણી હોય છે.
- **પાત્રો:** નાટકીય કાર્યમાં પાત્રો વાર્તાને ચલાવવામાં કેન્દ્રિય ભૂમિકા ભજવે છે. તેઓ ઘણીવાર અલગ વ્યક્તિત્વ, પ્રેરણા અને તકરાર સાથે સારી રીતે વિકસિત હોય છે.
- **સેટિંગ:** જેમાં ભૌતિક વાતાવરણ અને સમયનો સમાવેશ થાય છે, તે નાટકના મૂડ અને સંદર્ભને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે.

- **લાગણી અને વાસ્તવવાદ:** નાટકનો ઉદ્દેશ્ય પ્રેક્ષકો તરફથી ભાવનાત્મક પ્રતિભાવો જગાડવાનો છે અને તે ઘણીવાર માનવ અનુભવના વાસ્તવિક અથવા સંબંધિત પાસાઓની શોધ કરે છે, જે તેને વાર્તા કહેવા અને સામાજિક ભાષ્ય માટે એક શક્તિશાળી માધ્યમ બનાવે છે.
- **પ્રદર્શન:** લેખિત સ્ક્રિપ્ટો ઉપરાંત નાટક ઘણીવાર જીવંત પ્રદર્શન માટે બનાવાયેલ છે, પછી ભલે તે થિયેટરમાં, ફિલ્મમાં અથવા ટેલિવિઝન પર હોય. અભિનેતાઓ પાત્રોને જીવંત બનાવે છે, વાર્તા કહેવામાં એક વધારાનું પરિમાણ ઉમેરે છે.

આમ, નાટક એટલે નટ દ્વારા રજૂ થતી કળા. વિવિધ માનવ-અવસ્થાઓનું અનુકરણ નટ કરે ત્યારે એમાંથી નાટક સર્જાય છે. 'નાટક' શબ્દ 'નટ્' ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. ભરતના 'નાટ્યશાસ્ત્ર'માં કહ્યું છે કે ઋગ્વેદમાંથી પાઠ, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ લઈને પાંચમા નાટ્યવેદની રચના કરવામાં આવી. આમ, નાટક કે નાટ્યને શબ્દ, ભાવ, નૃત્ય, સંગીત એ દરેકની સાથે સંબંધ છે તેથી એ એક વિશિષ્ટ કળા બને છે.

### 3. નાટકનો ટૂંકમાં ઈતિહાસ

નાટકની ઉત્પત્તિ વિશે વિવિધ મત છે. એક મત પ્રમાણે કોઈ આદિમાનવ - હજાર વર્ષ પૂર્વેનો વનવાસી ભયંકર જંગલમાં બહાદુરી પૂર્વક હિંસક પશુનો શિકાર કરીને તે પાછો આવ્યો ત્યારે તેના સગા-પરિચિતોએ આવું અદભુત પરાક્રમ કેવી રીતે કર્યું ? તે પૂછ્યું અને તે વનમાનવે હાવભાવ - શરીર ચેષ્ટા, હલનચલન, અવાજની વિવિધતા સાથે તે ઘટનાનું તેમની સામે અનુકરણ - પુનઃ પ્રસ્તુતિ કરી બતાવી. જગતના ઇતિહાસમાં આને પ્રથમ નાટક ગણી શકાય. નાટ્યકળા વિશેનો મહાન ગ્રંથ ભરતમૂનિ રચિત નાટ્યશાસ્ત્ર એ નાટકની ઉત્પત્તિની કથા વર્ણવી છે. સંક્ષેપમાં જોઈએ તો ત્રેતાયુગમાં પ્રજા બહુ દુ:ખી થઇ ગઇ હતી. સૌ દુ:ખનો ઉપાય શોધવા ઈન્દ્ર પાસે ગયા. ઈન્દ્ર બ્રહ્માજીને 'નાટ્યવેદ' તૈયાર કરવાનું કહ્યું. બ્રહ્માજીએ ચાર વેદોમાંથી વિવિધ તત્વો લઇ નાટ્યવેદ રચ્યો અને ભરતમુનિને સોપ્યો. ભરતમુનિએ પોતાના પુત્રોને નાટ્યવેદનું જ્ઞાન આપી નાટ્યપ્રયોગ તૈયાર કરાવ્યો. ઇન્દ્રધ્વજ ઉત્સવમાં તે નાટકની ભજવણી થઇ. તે નાટક (રૂપક)નો વિષય હતો, દાનવો પર દેવોએ પ્રાપ્ત કરેલો વિજય. આમાં દાનવોને ખરાબ ચિતરવામાં આવેલા એટલે ચાલુ પ્રસ્તુતિએ દાનવોએ વિઘ્ન ઉભા કર્યા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સૌપ્રથમ નાટક ક્યાં લખાયું, ક્યારે લખાયું, અને નાટક એટલે ભજવી શકાય એવો બંધ, તે ક્યાં ભજવાયું, તે વિશે વિવેચકો હજી એકમત નથી. અત્યાર સુધી ગ્રીસમાં નાટકનાં મૂળ નંખાયાં એવી માન્યતા પ્રવર્તતી હતી. પણ જર્મન સંશોધકોને મતે નાટકનાં પારણાં એશિયા માઇનોરના બિબ્લોન શહેરમાં નંખાયાં. ત્યારબાદ ઇજિપ્તમાં, તે પછી સિસિલી અને ગ્રીસમાં. પ્રખ્યાત જર્મન વિવેચક કોપોસ્કી ‘સૉર્સિઝ ઑવ્ થિયેટર’ નામના પુસ્તકમાં આ માન્યતા માટે પુષ્કળ સાબિતીઓ પૂરી પાડે છે, જેમાં એશિયા માઇનોરમાં એકાંકીને લાયકનું લખાણ ઇજિપ્તના એક પિરામિડમાં ઇ.સ.પૂર્વે 1200-1500માં ‘ટ્રાયંફ ઑવ્ હૉરર્સ’ નામનું એક નાટક પિરામિડની અંદરથી ભીંતમાં કોતરેલું. તે માટે પાત્રોની વેશભૂષા તેમજ ભજવણીની તવારીખ વગેરે જે હતું તેનું જૂની ઇજિપ્તની ભાષાના જાણકારો પાસે સંશોધન કરાવી તેનો અંગ્રેજી અનુવાદ ઇંગ્લડમાં એક પ્રોફેસર પાસે તૈયાર કરાવી, તે નાટક પાડમોર કૉલેજમાં ચાલુ સદીમાં ભજવાયાનો પણ ઉલ્લેખ છે. બીજી બાજુ ગ્રીસમાં ઇ. સ. પૂ. નાટકો લખાયેલાં તેની ભજવણી અને હરીફાઇ વિશે પણ ઉલ્લેખો રજૂ થયા છે.

ભારતમાં મહાભારતમાં અને ભાગવતમાં નાટકો ભજવાયાંના ઉલ્લેખો મળે છે. નાટ્યશાસ્ત્રના સંપાદક ભરતાચાર્યે પોતે સંકલિત કરેલા નાટ્યશાસ્ત્રના ગ્રંથમાં નટસૂત્રો લખાયાના ઉલ્લેખો છે. 1911માં અકસાઇ ચીનમાં કેટલાંક અર્ધલિખિત પાનાં એક જર્મન સંશોધકને હાથ લાગેલાં. એમાં અશ્વઘોષને નામે ‘સારિપુત્ર પ્રકરણ’ નાટક લખાયાનો ઉલ્લેખ છે. એ પાનાં જર્મનીમાં બર્લિનના ડહાલેમ મ્યુઝિયમમાં સચવાયાં છે, એમ જાણવા મળે છે. દક્ષિણ ભારતમાં ભાસને નામે ચઢેલાં અગિયાર નાટકો મળ્યાં છે. આ સામગ્રી આ સદીની શરૂઆતમાં મળેલી. તે ઇ. સ.ની શરૂઆતમાં અથવા તે ઇ.સ. પૂર્વે 2જી સદીમાં લખાયાનું માનવામાં આવે છે. આવી બધી સામગ્રી ઉપરથી વિદ્વાનો અત્યારે તો પૂર્વ એશિયામાં અને મેસોપોટેમિયામાં જે સંસ્કૃતિ વિકસી તેમાં નાટક લખવાની શરૂઆત થઇ એમ તારવે છે અને ઇ.સ. પૂર્વે 1000-1500 વર્ષો પહેલાં નાટ્યપ્રવૃત્તિ શરૂ થઇ હશે એવા નિર્ણય પર આવે છે.

નાટકની શરૂઆત તો વાક્ના ઉદ્ભવ સાથે જ, બે વ્યક્તિઓનો સંવાદ યોજાતાં, એમાં ક્યાંક નાદ-સંગીત ઉમેરાતાં, વ્યક્તિઓમાં નૃત્ય કરવાની અભિલાષા જાગ્રત થતાં માનવીના હ્દયમાં વિવિધ ભાવો પ્રકટ થતાં, પૃથ્વીને કોઇક ખૂણે નાટક કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ. નિશ્ચિત વાત એટલી ખરી કે ભારતે નાટકનો એક બંધ અને ગ્રીસે બીજો જ બંધ ઘડી આપ્યો અને એ બંધમાં વિવિધ પ્રકારના ઘાટ પણ ઉપસાવી આપ્યા. વળી એ

સાથે એ ભજવવા માટે અલાયદાં સ્થાન પણ મુકરર કરી આપ્યાં અને જતે કાળે, પ્રજા એને રંગમંચ, રંગભૂમિ, થિયેટર, પ્લેહાઉસ, રંગચોગાન, રંગપીઠિકા – એવાં એવાં નામે ઓળખવા લાગી. એમાં ખુલ્લા ચોગાનથી શરૂ કરીને વિવિધ બાંધણીઓ પણ નક્કી થઈ અને એમ કરતાં નાટકના ઉદ્ભવમાં ધર્મ, દેવ, દેવી, મેળા, ઉત્સવો અને લોકતત્વો કારણભૂત થતાં પ્રચલિત કથાઓ – દંતકથાઓ – આખ્યાયિકાઓ, કલ્પનાઓ અને વાસ્તવસૃષ્ટિમાં ઘડાતી વાતો નાટકના તંત્રમાં દાખલ થતાં. નાટકમાં વિવિધ પ્રકારની ચેતનાશક્તિઓ પાંગરવા માંડી અને એમ આડોશપાડોશની અસરને કારણે પૃથ્વીપટે ભિન્ન ભિન્ન પ્રજાઓમાં એનો વિસ્તાર થવા માંડ્યો. એમાં રાજાઓએ રસ લીધો. પોતાના રાજમહેલમાં નાટ્યકૃતિઓને આશરો આપ્યો. ધર્મકાર્યમાં રત એવા ભાવિકોએ પોતપોતાના દેવને અનુસરી મંદિરોમાં યા દેવાલયોમાં યા એની નિકટના ચોતરાઓમાં આ પ્રવૃત્તિના વિકાસમાં સહાય કરી. આમ નાટકના પાયા સૌથી વધારે ગ્રીસ, પછી ઇટાલી, પછી યુરોપભરમાં ખાસ કરીને ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, જર્મનીમાં તેમજ ભારત અને ચીનમાં, જાપાન, મલેશિયા, બાલીમાં પણ નંખાવા માંડ્યા. આફ્રિકામાં અને ઇજિપ્તમાં મૂળ નંખાયાં હોવા છતાં દક્ષિણ આફ્રિકામાં એ પ્રવૃત્તિ બહુ વિકસી નહિ, પણ ત્યાં નૃત્યસ્વરૂપે વારતહેવારે તો એની હસ્તી જાણવા મળી. જતે કાળે એમાં પણ વૈવિધ્ય આવવા માંડ્યું.

## 4. નાટકના પ્રકારો

- **પદ્યનાટક :** યુરોપીય નાટ્યસાહિત્યમાં પ્રાચીન કાળથી નાટકનો સંબંધ પદ્ય સાથે વિશેષ રહ્યો છે. ગ્રીક નાટકો કે મધ્યયુગમાં યુરોપનાં miracle plays પદ્યમાં રચાતાં. શેક્સપિયરનાં નાટકોમાં પણ નાટકનો મોટો ભાગ પદ્યમાં હોય છે. એટલે નાટકમાં પદ્યનો ખ્યાલ ત્યાં નવો નથી.
- **સંસ્કૃત–પ્રાકૃત નાટક :** નાટ્યને સંસ્કૃત ભાષામાં ‘દૃશ્ય પ્રકારનું કાવ્ય’ અને ‘ચાક્ષુષ ક્રતુ’ એવા શબ્દોથી ઓળખવામાં આવ્યું છે. તે ભજવાતું જોઈ શકાય છે માટે તેને રૂપ કે દૃશ્ય, તેમાં અભિનય કરવામાં આવતો હોવાથી તેને નાટ્ય અને મૂળ પાત્રનો નટ પર આરોપ થતો હોવાથી તેને રૂપક કહેવામાં આવ્યું છે.
- **શીઘ્રનાટક :** સંજ્ઞા મુજબ ત્વરિત અથવા નજીવા વિમર્શ અને રિયાઝ પછી રજૂ થાય તે શીઘ્રનાટક. તત્વત: એ નટકેન્દ્રી પ્રસ્તુતિ છે, પણ એમાં નટે લેખક-દિગ્દર્શકની ભૂમિકાઓ પણ નિભાવવી પડે છે. અભિનયની તાલીમ દરમિયાન પાત્ર, પ્રસંગ કે વિચારને નાટ્ય આલેખ વિના રજૂ કરવાના આવા

યત્નોથી નટમાં સર્જનાત્મકતા, નિરીક્ષણશક્તિ, પ્રસ્તુતિકસબ અને રૂપઘાટ આપવાની ક્ષમતા આવે; એમાં મુખ્યત્વે અંગ અને અવાજ વધુ પ્રયોજાય, બહુ તો કોઈ હાથસામગ્રી વપરાય. નાટ્યકૃતિમાં ન આલેખાયેલ પ્રસંગો કલ્પવાની અને એ દ્વારા પાત્રઘડતર માટે આવી તાલીમ આપવાની રૂસી દિગ્દર્શક સ્તાનિસ્લાવ્સ્કી ભલામણ કરતા; એવા 'ઇમ્પ્રોવાઇઝેશન' (લીલાનાટ્ય) પછી થોડા વધુ નિશ્ચિત રૂપઘાટ મળતાં એને શીઘ્રનાટકની સંજ્ઞા અપાય. 'શેરીનાટકો'ની તાલીમ અને પ્રસ્તુતિઓ દરમિયાન નટો માટે આ પટુતા અનિવાર્ય ગણાય છે. વ્યક્તિત્વવિકાસ, શૈક્ષણિક રંગભૂમિ અને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં પ્રયોજાતી વિવિધ ભૂમિકાઓ ભજવવાની (role-playing) કસરતોનો પણ તેમાં સમાવેશ થાય. 'બનન્તી' (happening) એમાંથી ફંટાયેલી પ્રસ્તુતિ છે. નટની પ્રત્યુત્પન્નમતિ અને કુદરતી અભિનયશક્તિને આધારે આ પ્રકારનો પ્રયોગ થાય છે.

- **મૂક નાટક :** અવાક આંગિક ગતિશીલ મુદ્રાઓથી થતું નાટ્યાત્મક પ્રત્યાયન. સંગીત કે વિશિષ્ટ ધ્વનિઓ એની સાથે પ્રયોજી શકાય; વેશભૂષા, રંગભૂષા, હાથસામગ્રી વગેરેનો ઉપયોગ કરી શકાય; સન્નિવેશ પણ ક્યારેક વાપરવામાં આવે, પરંતુ મુખ્યત્વે નટના અંગથી જ એ વ્યક્ત કરાય. મૂળ શબ્દ 'માઇમ'(mime)નો અર્થ 'અનુકરણ' અથવા 'પ્રસ્તુતિ'. ગ્રીસ અને રોમમાં ઠઠ્ઠાચિત્રો રજૂ કરવા બે સ્વરૂપો પ્રચલિત હતાં : મુદ્રા અને ક્રિયાઓ ઉપર આધારિત તે માઇમ અને બીજું, એકોક્તિઓ અને સંવાદો પર આધારિત જે સામાન્ય રીતે વાંચવા માટે જ વપરાતું.
- **શેરીનાટક :** શેરીનાટક કેટલાંકને મન ફૅશન છે તો કેટલાંકને મન એક વિકલ્પ. ઘણાંને મન કોઈ એક (ખાસ કરીને રાજકીય) વિચારસરણીનો પ્રચાર કરવા માટેની એક રીત છે. કંઈક આવી સમજ શેરીનાટક અને એનો પ્રયોગ કરનારાઓ માટે  પ્રવર્તે છે. હકીકતે જગતનું સૌથી પહેલું થિયેટર શેરીનાટકની જેમ નટ અને પ્રેક્ષક વચ્ચેના ઓછામાં ઓછા  અંતરે અસ્તિત્વમાં આવ્યું હશે. નટ અને પ્રેક્ષકનું આ નૈકટ્ય શેરીનાટકનુંય બહુ મહત્ત્વનું અંગ છે.
- **આધુનિક નાટક :** ગ્રીક, સંસ્કૃત, નોહ, કાબુકી વગેરે તત્કાલીન યુગ અને માનવસંવેદના માટે આધુનિક થિયેટર હતાં. આજે તો ચેહફ કે આયૉનેસ્કોથી પણ આધુનિક નાટકની વાત કરવી પડે એટલો સમયગાળો એ પછી વીતી ગયો છે, પરંતુ એ બધાં પ્રશિષ્ટ નાટકોની પ્રસ્તુતિ પણ 'આધુનિક'

હોઈ શકે. વાર્તા, નવલકથાનાં પાત્રપ્રસંગોમાં રજૂ થતું આધુનિક દર્શન એકલો લેખક જ કરે તો ચાલે, પણ મંચન કે ફિલ્મકલામાં અનેક કલાકસબીઓ વિવિધ ભૂમિકા ભજવતાં તબક્કે તબક્કે પ્રશિષ્ટ કૃતિઓમાં લેખકથી પણ આગળ નીકળીને આધુનિક અભિગમ સાથે પ્રસ્તુતિ કરે, કરી શકે. આ સંજોગોમાં અંતે તો નટનું જ માધ્યમ ગણાતી નાટ્યકલામાં જીવંત પ્રેક્ષકો સાથે સાવ આધુનિક એ જ ક્ષણની, નટ અને પ્રેક્ષક બંનેના વર્તમાનની વાત કરવી પડે એટલી આધુનિકતા નાટકમાં હોય, હોવી ઘટે. પ્રત્યાયનનાં માધ્યમોના આટલા પ્રસાર સાથે આજે કોઈ પ્રદેશવિશેષનું નાટક વિશ્વભરની રંગભૂમિમાં ઘટેલા કે ઘટી રહેલા અભિગમોથી જેમ અસ્પૃષ્ટ ન હોય તેમ કોઈ પણ નાટકે અને રંગભૂમિએ સ્વરૂપગત વર્તમાનની સાથોસાથ 'સ્થાનિક' પણ એટલું જ રહેવું પડે; એના સમકાલીન સ્પંદને સર્વદેશિતા સાધતાં રહેવું પડે એ એની પ્રથમ શરત હોય.

## 5. ઉપસંહાર

નાટક કેવળ વાંચવા માટે જ લખાય તે વિચાર સામાન્ય રીતે સ્વીકાર્ય નથી. ભજવણી રંગમંચ ઉપર થાય એટલે રંગમંચની ભૂગોળ અને તેની લંબાઈ, ઊંચાઈ, પહોંળાઈને ધ્યાનમાં લેવા જ પડે. આ નાટકની મર્યાદા છે, તો સાથે તેની વિશેષતા પણ છે.

નાટકમાં નવલકથાની જેમ દરિયો, રણ, જંગલ ન આવી શકે. વળી માનવ મહેરામણ, સેના - ઘણાં બધાં પાત્રોને દર્શાવી ન શકાય, સૂચવી શકાય. નાટકમાં દીર્ઘચિંતન, મનમાં ચાલતી લાંબી ગડમથલને રજૂ કરવા સ્વગતોક્તિ (આત્મસંભાષણ) જેવી યુક્તિનો પ્રયોગ કરવો પડે. તેને પણ નાટ્યાત્મક બનાવી સરસ રીતે મુકવી પડે. આધુનિક નાટકોમાં હવે ફિલ્મ કે મલ્ટીમીડિયાનો ઉપયોગ થવા માંડ્યો છે તેથી નાટકની સ્થળની મર્યાદા ઓળંગી શકાય છે પણ તે શુદ્ધ નાટક ન ગણવાનું વિદ્વાનોનું વલણ છે. નાટકમાં ફિલ્મનો પગપેસારો તેમને માન્ય નથી.

## સંદર્ભસૂચિ


- Agrawat, H. G. (2015). મહાભારતનો સંસ્કૃતનાટ્ય પર પ્રભાવ. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 1(1).
- Upadhyay, J. (2021). આધુનિક ગુજરાતી નાટકોમાં નિરૂપિત વિષયો અને તેનું સ્વરૂપ: એક અધ્યયન. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 6(4).
- નાઈ, મહેન્દ્ર કે. (2018). નાટક-સાહિત્ય અને રંગભૂમિ કલા. Towards Excellence 10 (2): 129-135
- પટેલ, ઉર્મિલા એન. (2012). ઇન્દુ પુવારનું ગુજરાતી નવલકથા, નાટક અને એકાંકી ક્ષેત્રે પ્રદાન: એક સમીક્ષાત્મક અભ્યાસ. રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
- વ્યાસ, દિગીશ, હરીશ વ્યાસ, સંભવનાથ ત્રિવેદી અને કેતકર આશિષ (2021). નાટકનું સ્વરૂપ અને નાટ્યકૃતિનું વિશ્લેષણ. અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
- https://gujarativishwakosh.org/%E0%AA%A8%E0%AA%BE%E0%AA%9F%E0%AA%95/